RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 291, Dt.29-01-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દેશમાં ૭ દિવસમાં CAA લાગુ થશે-કેન્દ્રીય મંત્રીનો દાવો



## પ.બંગાળમાં એક રેલીને સંબોધતાં કેન્દ્રીય મંત્રી શાંતુનું ઠાકુરે કર્યું મોટુ નિવેદનઃ લોકસભાની ચૂંટણી પૂર્વે વધુ એક એજન્ડાનો અમલ કરવાની તૈયારીઃ આ કાનૂન લાગુ કરતાં કોઈ અટકાવી શકશે નહીંઃ કેન્દ્રીય મંત્રી શાંતુનું ઠાકુર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લાંબા સમયથી મોદી સરકારના એજન્ડામાં રહેલા સીટીઝનશીપ (એમેન્ડમેન્ટ) એક્ટ આગામી સાત દિવસમાં દેશભરમાં લાગુ થઈ જશે. કેન્દ્રીય મંત્રી શાંતુનુ ઠાકુરે પ.બંગાળમાં એક રેલીને સંબોધનમાં આ મોટું નિવેદન કરતા સમયે જણાવ્યું કે, દેશભરમાં સાત દિવસમાં સીટીઝનશીપ એમેન્ડમેન્ટ એક્ટ લાગુ થશે તે ગેરેન્ટી છે.

તેઓએ કહ્યું કે ફક્ત પ.બંગાળ જ નહી દેશભરમાં તે લાગુ કરાશે. ગત તા.૭ ડિસેમ્બરે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહે પણ જાહેર કર્યું હતું કે સીએએ લાગુ કરતા કોઈ અટકાવી શકશે નહી.

સીએએનો અમલ કરવા સામે વિપક્ષોનો જબરો વિરોધ છે. સંસદના બન્ને ગૃહોએ મંજુર કરેલા આ કાનુનને રાષ્ટ્રપતિએ ૨૦૧૯માં જ મંજુરી આપી છે પણ તેના લાગુ કરવાના નિયમોની જાહેરાત થઈ નહોતી. આ કાનૂન મુજબ પાડોશી દેશમાં વસતા હિન્દુ-શિખ-બૌદ્ધ-જૈન-પારસી અને ક્રિશ્ચીયન જે તે દેશમાં અત્યાચારનો સામનો કરી રહ્યા છે.

તેઓને ભારતમાં વસવાની અને નાગરિકતાની છૂટ અપાશે જેમાં પાક-અફઘાનીસ્તાન અને બાંગ્લાદેશમાં રહેતા આ સમુદાયના લોકોને લાભ મળશે. વિપક્ષો તેમાં મુસ્લીમોને દુર રાખવા સામે વિરોધ કરી રહ્યા છે અને તેમાં હવે મોદી સરકાર જે લાંબા સમયથી અમલમાં વિલંબ કરતી હતી તે હવે કરશે તેવા સંકેત છે.

# ગુજરાતનું ગીફટ સિટી ગ્લેમરથી ઝળહળી ઉઠયુંઃ રાજયમાં પ્રથમવાર યોજાયો બોલિવુડ એવોર્ડ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતના પાટનગર ગાંધીનગરનું ગીફ્ટ સીટી ગ્લેમરથી ઝળહળી ઉઠ્યુ હતું. પ્રથમ વખત ગુજરાતમાં યોજાયેલા બોલીવુડ એવોર્ડમાં ‘કેમ છો ગુજરાત’ સાથે ફિલ્મ ઉદ્યોગનાં કલાકારોએ ઉપસ્થિત ૧૫૦૦૦ થી વધુ પ્રેક્ષકોના મન મોહી લીધા હતા.





ગુજરાતમાં પ્રથમ વખત યોજાયેલા આ ઝાકઝમાળભર્યા જાજરમાન બોલીવુડ એવોર્ડ સમારોહમાં બોલીવુડ કપલે જબરૂ આકર્ષણ જગાવ્યુ હતું. એનિમલ ફિલ્મ માટે રણબીરકપુરને શ્રેષ્ઠ અભિનેતાઓ એવોર્ડ અપાયો હતો જયારે બેસ્ટ અભિનેત્રીનો એવોર્ડ આલીયા ભટ્ટને નરોકી ઔર રાની કી પ્રેમ કહાનીથ માટે આપવામાં આવ્યો હતો.આઈપીએસ અધિકારી અનુરાગ પાંડાના જીવન પરથી બનેલી ‘૧૨ ફેઈલ’ મેદાન મારી ગઈ હતી તેને બેસ્ટ ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો. વિદુ વિનોદ ચોપરાને બેસ્ટ ફિલ્મ ડાયરેકટરનો એવોર્ડ મળ્યો હતો.આ સિવાય બેસ્ટ સ્ક્રીન પ્લે સહીતના અનેક ટેકનીકલ એવોર્ડ આ ફિલ્મને મળ્યા હતા. ફિલ્મના હીરો વિક્રાંત મેસ્સીને બેસ્ટ એકટરનો ક્રિટીકસ એવોર્ડ મળ્યો હતો. એવોર સ્વીકારતી વેળાએ વિક્રાંતે કહ્યું કે આ ફિલ્મ આપણા બધા માટે પ્રેરણારૂપ છે. ફિલ્મ ફેર એવોર્ડ કરણ જોહર તથા મનિષ પોલે ગેસ્ટ કર્યો હતો. કરીનાકપુરખાન, રણબીરકપુર, વરૂણ ધવન, કાર્તિક આર્યન, સારાઅલીખાન તથા જહાનવીકપુરે પરફોર્મન્સ આપ્યા હતા.

# હાઉસીંગ લોન પર મધ્યમ વર્ગને ફરી સબસીડી અપાય તેવી શકયતા

## સરકાર ચૂંટણી પહેલાં જાહેરાત કરશેઃ શહેરી વિસ્તારના ગરીબ પરિવારોને થશે ફાયદો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સરકાર શહેરી ગરીબો માટે ૨૦૧૫ માં શરૂ કરાયેલ પ્રધાનમંત્રી આવાસ યોજના - શહેરી માટે લોન સબસિડી યોજનાની તર્જ પર એક નવી સસ્તા આવાસ યોજના શરૂ કરવા જઈ રહી છે. આ બાબતની જાણકારી ધરાવતા ત્રણ લોકોએ જણાવ્યું કે આ યોજના હેઠળ શહેરો અને તેની આસપાસના વિસ્તારોમાં ઓછી અને મધ્યમ આવક ધરાવતા પરિવારોને મકાનો માટે સબસિડી આપવામાં આવશે.



આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે સૂચિત લોન સબસિડી યોજનાના ઝીણા મુદ્દાઓ પર કામ કરવા માટે દેશના કેટલાક ટોચના ધિરાણકર્તાઓ સાથે બેઠકો યોજી છે. આ બેઠકોમાં સામેલ અધિકારીઓના જણાવ્યા અનુસાર, મંત્રાલયે સંકેત આપ્યો છે કે યોજના હેઠળ સબસિડીનો હિસ્સો છેલ્લી વખત જેટલો વધારે નહીં હોય. સરકારે એ પણ પૂછ્યું છે કે આ સ્કીમ માટે ધિરાણકર્તાઓને કેટલા રિફાઇનાન્સિંગની જરૂર પડશે, ધિરાણકર્તાઓને કયા દરે નાણાં આપવા જોઈએ અને લેનારાઓ માટે વ્યાજ દર શું હશે?

એક સૂત્રએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, ‘મંત્રાલયના અધિકારીઓ જાણવા માગે છે કે ધિરાણકર્તાઓને કયા વ્યાજ દરે લોન આપવી જોઈએ? તેઓ એ પણ જાણવા માગતા હતા કે ધિરાણકર્તા અરજદારોને કયા વ્યાજ દરે લોન આપશે.

ગત વખતે, લોન સબસિડી યોજના હેઠળ, ૨૦ વર્ષ માટે લોન લેનાર દરેક લાભાર્થીને ૨.૩૦ લાખથી ૨.૬૭ લાખ રૂપિયા સુધીની સબસિડી આપવામાં આવી હતી. વિકાસથી વાકેફ અન્ય એક વ્યક્તિએ કહ્યું, ‘પ્રસ્તાવિત યોજના મુખ્યત્વે શહેરો અને તેની આસપાસના વિસ્તારો માટે હશે. ગત વખતે લોન સબસિડી યોજનામાં ૨૦,૦૦૦ થી વધુ જગ્યાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.’

સૂત્રએ કહ્યું, ‘કૃષિ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો અને બાંધકામ દેશમાં મહત્તમ રોજગારી પેદા કરે છે. મોટી સંખ્યામાં ઉદ્યોગો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે હાઉસિંગ સેક્ટર પર નિર્ભર છે.’

# બે દિવસના વિરામ પછી ભારત જોડો ન્યાય યાત્રા શરૂ, ખડગેની મમતાને સુરક્ષા આપવાની અપીલ

## યાત્રા રાત્રે સિલીગુડી પાસે રોકાશે, સોમવારે ઉત્તર દિનાજપુર જિલ્લાના ઈસ્લામપુર તરફ આગળ વધશેઃ અધીર રંજન ચૌધરીએ બંગાળમાં રાહુલના પોસ્ટર ફાડવા ઉપરાંત સભાની મંજૂરી મેળવવામાં સમસ્યા અંગે ચિંતા વ્યક્ત કરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બિહારમાં રાજકીય ખળભળાટ વચ્ચે રાહુલ ગાંધીની ‘ભારત જોડો ન્યાય યાત્રા’ પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં બે દિવસના વિરામ બાદ ફરી શરૂ થઈ છે. આ અગાઉ આસામ પહોંચેલી યાત્રામાં ભારે ઉથલપાથલ જોવા મળી હતી. તો જલપાઈગુડીમાં પણ કોંગ્રેસે મુસીબતનો સામનો કર્યો હતો. યાત્રા અંગે મલ્લિકાર્જુન ખડગેએ મમતા બેનર્જીને પત્ર લખ્યો હતો, તો કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ આજે નિવેદન આપ્યું છે. આ ઉપરાંત કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીએ યાત્રાના આગામી રૂટ અંગે પણ માહિતી આપી છે.



યાત્રા ફરી શરૂ કરતા પહેલા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા એક્સ પર કહ્યું કે, ‘આજે દેશ નિર્ણાયક તબક્કામાં છે. અસંખ્ય બલિદાનથી મળેલા અધિકારની રક્ષા કરવા આ ન્યાય અભિયાનમાં તમારું યોગદાન આપો. અન્યાય વિરુદ્ધના આ ઐતિહાસિક જંગમાં તમારુ નામ નોંધાવો.’

પશ્ચિમ બંગાળ કોંગ્રેસ એકમના અધ્યક્ષ અને લોકસભા સાંસદ અધીર રંજન ચૌધરીએ સિલીગુડીના બાગડોગરા એરપોર્ટ પર રાહુલ ગાંધીનું સ્વાગત કર્યું હતું. રાહુલ સિલીગુડીથી જલપાઈગુડી પહોંચ્યા અને ત્યાંથી જ બપોરે યાત્રા ફરી શરૂ કરી છે. યાત્રા અંગે અધીર રંજને વિગતો આપતા કહ્યું કે, ‘યાત્રા બસ અને પગપાળા આગળ વધશે અને રાત્રે સિલીગુડી પાસે રોકાશે. યાત્રા આગામી દિવસે સોમવારે ઉત્તર દિનાજપુર જિલ્લાના ઈસ્લામપુર તરફ આગળ વધશે, ત્યારબાદ બિહારમાં પ્રવેશ કરશે. આ યાત્રા બુધવારે (૩૧ જાન્યુઆરી)એ માલદાના રૂટ પરથી પશ્ચિમ બંગાળમાં ફરી પ્રવેશ કરશે અને મુર્શિદાબાદ થઈને એક ફેબ્રુઆરીએ રાજ્યમાંથી નીકળી આગળ વધશે.’અગાઉ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ TMC નેતા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને પત્ર લખ્યો હતો, જેમાં તેમણે રાજ્યમાં સુચારુરૂપે કાર્યક્રમ યોજાય તે માટે સુરક્ષાની ખાતરી આપવા અપીલ કરી છે.

# ૧લી ફેબ્રુઆરીએ રજુ થનારા વચગાળાના બજેટને અપાઈ રહેલો અંતિમ ઓપ

## સીતારામન સતત છઠ્ઠી વખત બજેટ પ્રસ્તુત કરશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

૧લી ફેબ્રુઆરી નજીક આવી રહી છે ત્યારે નાણાં મંત્રાલય આગામી નાણાં વર્ષ માટેના બજેટને અંતિમ ઓપ આપી રહ્યું છે. નાણાં પ્રધાન નિર્મલા સીતારામન અને તેમની ટીમ બજેટ દસ્તાવેજોન અંતિમ ટચ આપી રહ્યા હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.






વડા પ્રધાનની કચેરી (પીએમઓ) તથા નાણાં મંત્રાલયના અધિકારીઓની ટીમ વચ્ચે સતત સલાહમસલત સાથે બજેટ તૈયાર કરવામાં આવી રહ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નિર્દેશ સાથે શરૂ થયેલી સ્કીમ્સ અથવા યોજનાઓ પર પૂરતું ધ્યાન અપાઈ રહ્યું છે.

મોરારજી દેસાઈ બાદ હાલના નાણાં પ્રધાન નિર્મલા સીતારામન બીજા એવા નાણાં પ્રધાન છે જે સતત છઠ્ઠી વખત બજેટ પ્રસ્તુત કરશે.

નાણાં વર્ષ ૨૦૨૪-૨૫નું સંપૂર્ણ બજેટ લોકસભાની ચૂંટણી બાદ રચાનારી નવી સરકાર દ્વારા રજુ કરાશે. ૧લી ફેબ્રુઆરીનું બજેટ વચગાળાનું હશે.

વચગાળાના બજેટમાં વર્તમાન સરકાર મોટી નીતિવિષયક જાહેરાતો કરતી નથી હોતી જેને કારણે નવી સરકાર પર નાણાંકીય બોજ આવી જાય. ચૂંટણી પંચની આચારસંહિતા પ્રમાણે, વર્તમાન સરકાર એવી કોઈ લોકપ્રિય સ્કીમ જાહેર કરી ન શકે જેનાથી મતદારો પ્રભાવિત થઈ જાય એમ પણ સુત્રોએ વધુમાં જણાવ્યું હતું.

# સંત કબીર રોડ પર ટેન્કરે ઠોકરે ચડાવતા બાઈકસવાર પિતા-પુત્રના કરૂણ મોત

## પિતરાઈ બહેનના લગ્ન પૂર્વે પરિવારમાં કરૂણ કલ્પાંતઃ શુભ પ્રસંગ પૂર્વે પિતા-પુત્રનું અકાળે અવસાન થતાં પરિવારમાં ઘેરો શોક



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામા કાંઠે સંત કબીર રોડના નાલા નજીક આવેલા જલજલાટ રામાપીરના મંદિર પાસે સવારે જીવલેણ અકસ્માત સર્જાયો છે. જેમાં સંત કબીર રોડ સદ્‌ગુરૂ નગરમાં રહેતાં અને ઇમિટેશનનું કામ કરતાં શૈલેષભાઇ મગનભાઇ પરમાર (ઉ.વ.૪૭) અને તેમના પુત્ર અજય શૈલેષભાઇ પરમાર (ઉ.વ.૨૨)ના બાઇક સહિત ટેન્કરની ઠોકરે ચડી જતાં બંનેના ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતાં.

આ અંગેની માહિતી મુજબ સંત કબીર રોડના નાલા નજીક જલજલાટ રામાપીરના મંદિર પાસે ટેન્કર નં. જીજે૦૩બીયા-૭૭૧૧ના ચાલકે બાઇક નં. જીજે૩ઇજે-૯૭૩૦ને ઉલાળી દેતાં બાઇક પર બેઠેલા આધેડ અને યુવાન રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજાઓ થતાં બંનેના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતાં. જ્યાં અકસ્માત સર્જાયો ત્યાં રોડ પર કોઇએ એંઠવાડ ફેંક્યો હોઇ તેના કારણે રોડ ભીનો થઇ ગયો હોઇ બાઇક સ્લીપ થઇ ગયું હતું અને પિતા-પુત્ર ફેંકાઇ ગયા હતાં. આ વખતે જ બંનેના માથા પર ટેન્કરના વ્હીલ પર ફરી વળ્યા હતાં. તેમ ત્યાં હાજર લોકોએ જણાવ્યું હતું.

ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો ભેગા થઇ ગયા હતાં. બી-ડિવીઝન પોલીસ અને ૧૦૮ના ઇએમટી નિલેષભાઇ તથા પાઇલોટ ભાવેશભાઇ પણ પહોંચ્યા હતાં. મૃતકના મોબાઇલ ફોનને આધારે તપાસ થતાં તેમના સગાનો સંપર્ક થયો હતો. મૃત્યુ પામનાર બંને પિતા-પુત્ર હોવાનું ખુલતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વધુ માહિતી મુજબ સંત કબીર રોડ પર સદ્‌ગુરૂ નગર સોસાયટી-૨માં વિશ્વેશ્વર મહાદેવ મંદિર પાસે રહેતાં અને છુટક ઇમિટેશનનું કામ કરતાં શૈલેષભાઇ મગનભાઇ પરમાર સવારે પોતાના પુત્ર અજયને બાઇકમાં બેસાડી સવારે કોઇ કામ માટે નીકળ્યા હતાં. ત્યારે પિતા-પુત્ર બંને માટે ટેન્કર કાળ બની ગયું હતું.

મૃત્યુ પામનાર શૈલેષભાઇ બે ભાઇ અને એક બહેનમાં નાના હતાં. તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. પુત્રીનું નામ અંજલી અને બીજા પુત્રનું નામ દીપ છે.જ્યારે શૈલેષભાઇના પત્નિનું ના જયશ્રીબેન છે. પિતા હયાત નથી. માતાનું નામ શાંતાબેન છે. કરૂણતા એ છે કે શૈલેષભાઇના કાકા વિનુભાઇ મોહનભાઇ પરમારની દિકરીના લગ્ન લેવાયા છે. આવતીકાલે માંડવો છે. પરિવારજનો લગ્નની તૈયારીમાં વ્યસ્ત હતાં અને ખુશીનો માહોલ છવાયેલો હતો ત્યાં જ આ બનાવે ખુશીને શોકમાં પલ્ટાવી દીધી હતી. શૈલેષભાઇ સવારે દિકરા અજયને લઇને બાઇકમાં બેસાડી કોઇ કામ માટે નીકળ્યા હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. પિતા સાથે મૃત્યુ પામનાર અજય એલએન્ડટીમાં સુરત ખાતે નોકરી કરતો હતો. લગ્ન પ્રસંગ હોઇ બે દિવસ પહેલા જ તે રાજકોટ આવ્યો હતો. અજય અપરિણીત હતો. બનાવ બાદ ટેન્કરચાલક પોતાનું વાહન મુકી ભાગી ગયો હતો. બી-ડિવીઝન પોલીસે તપાસ શરૂ કરી છે.

# મોરબીના શકત શનાળા ગામે ગ્રામ પંચાયત વિસ્તારમાં પાણી પૂરું પાડતા ટાંકાની સફાઈ હાથ ધરાઈ





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી:શકત શનાળા મુકામે પ્રધાનમંત્રીના શુદ્ધ જલ મીશન તથા સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે શકત શનાળા ગ્રામપંચાયતના આખા વિસ્તારને પાણી પુરુ પાડતા પાણીના ટાકાની સફાઈ કરવામા આવી જેનો હેતુ પંચાયત હેઠળના લોકોને પીવાનુ પાણી સ્વચ્છ મળી રહે તે હેતુથી કરવામા આવેલ હોય.

આ સ્વચ્છતા અભિયાન હેઠળ ગામના સરપંચ, સોનલબેન પ્રફુલભાઇ પટેલ, ઉપસરપંચ ધર્મેન્દ્રસિંહ કે ઝાલા, ગામના અગ્રણી નરભેરામભાઇ સીરવી, પ્રફુલભાઇ બાવરવા, ઇન્દ્રભાઇ મગનભાઇ સનારીયા, પમ્પ ઓપરેટર મુળરાજસીહ ઝાલા તથા ગ્રામપંચાયતના સભ્ય હાજર રહેલ તથા સ્વચ્છતા અભિયાનને આગળ વધારવા આગળનુ આયોજન કરેલ છે.

# જામનગરના ચંગા પાટીયા પાસે ખાનગી બસ પલટીઃ ૧૦ લોકો ઘાયલ

## અકસ્માતમાં ૧૦ ઈજાગ્રસ્તોને બારીમાંથી બહાર કઢાયા , ઘાયલોને જી.જી.હોસ્પિટલ ખસેડાયા


**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ચંગા પાટીયા પાસે પાસે ખાનગી ટ્રાવેલ્સની બસ પલટી ખાઇ જતાં ૧૦ મુસાફરોને ઇજા થઈ છે. જેમાંથી કેટલાકની હાલત ગંભીર છે. મળતી માહિતી મુજબ ખાનગી બસ ચંગા અને ચેલા પાટીયાની વચ્ચે સોમનાથ હોટલ પાસે પલટી ખાઈ ગઇ છે.અકસ્માત અંગે મળતી માહિતી મુજબ જામનગરની ખાનગી ટ્રાવેલ્સની બસ વિરમગામથી ક્ઈ ૮ કોલોનીમાં જતી હતી. જેમાં એલ એન્ડ ટી કંપનીના પરપ્રાંતી મજૂર સવાર હતા. ત્યારે ચંગા અને ચેલા પાટીયાની વચ્ચે સોમનાથ હોટલ પાસે અકસ્માત સર્જાયો હતો. જેમાં બસ રોડની સાઇડમાં ઉતરીને ઊંધી વળી ગઇ હતી.પોલીસ કાફલો અને ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે અકસ્માતની જાણ આજુ બાજુના લોકોને થતાં સ્થાનિકોના ટોળા એકઠા થયા હતા અને તુરંત પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. સ્થાનિકો અને એમ્બ્યુલન્સના સ્ટાફે ૧૦ જેટલા ઇજાગ્રસ્તોને બારીમાંથી બહાર કાઢીને સારવાર માટે જામનગરની જી.જી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાં કેટલાકની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

# મોરબીના નવા બસ સ્ટેન્ડના પાર્કિંગમાંથી વેપારીના બાઈકની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વધુ એક બાઈક ચોરી થયાનો બનાવ બનવા પામ્યો છે. જેમાં મોરબીના નવા બસ સ્ટેન્ડના પાર્કિંગમાંથી વેપારીના બાઈકની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઇ ગયાની ફરિયાદ મોરબી સીટી એ ડિવિઝનમાં નોંધાતા હાલ પોલીસે અજાણ્યા ચોર વિરુદ્ધ ગુન્હો નોંધી અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી અનુસાર મોરબીના નવા બસ સ્ટેન્ડ જેવા રાત દિવસ ચહલ પહલવાળા સ્થળ ઉપર તા.૨૬/૦૧ના સાંજે આશરે ૮.વાગ્યાના અરસામાં પાર્ક કરેલ હીરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ બાઈક જીજે-૦૩-એએ-૩૫૦૧ હોય જે કોઈ અજાણ્યો ચોર ઈસમ ત્યાંથી ચોરી કરી લઇ જતા બાઈક માલીક એવા વેપારી કલ્પેશભાઇ બળવંતરાય જયસ્વાલ ઉવ.૪૭ રહે.નવા બસસ્ટેન્ડ સામે રઘુવીર સોસાયટી મોરબીએ બાઈક ચોરી થયાની પ્રથમ ઈ-એફઆઈઆર નોંધાવ્યા બાદ આજરોજ મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વેપારીની ફરિયાદના આધારે અજાણ્યા ચોર ઈસમ સામે ગુન્હો નોંધી તપાસની તજવીજ હાથ ધરી છે.

# મોરબી જિલ્લા ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ એક્સેલ સ્પોર્ટ્સ એકેડમીના પ્રારંભિક મેચમાં હાજરી આપી

**મુખ્ય સમાચાર, જામનગર**

નિશાંત જાની જે મોરબી ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશન ના હેડકોચ તરીકે કાર્યરત છે અને હાલમાં તેમને મોરબીના ક્રિકેટ પ્લેયર્સ ને મેચ રમવા માટેનું ગ્રાઉન્ડ બનાવ્યું જેથી મોરબીના ક્રિકેટરો માટે વધારે ડેવલપ કરી શકે અને ધારાસભ્ય કાંતિભાઈ એ ગ્રાઉન્ડ ના ઓપનિંગ મેચમાં હાજરી આપી હતી



મોરબી ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશન ની ટીમ જ્યાં ૩ ટુર્નામેન્ટ માં ચેમ્પિયન થઈને કવોલીફાય થઈ અને એલિટ ગ્રુપમાં આવી છે અંડર ૧૯, અંડર ૨૩ અને સિનિયર ટીમ ત્યાં કાંતિભાઈએ કોચ પ્લેયર અને સપોર્ટ સ્ટાફ અને પેરેન્ટ્સ ને ધન્યવાદ આપ્યા છે કે આવી ને આવી રીતે મોરબી ક્રિકેટ એસોસિયેશન ના પ્લેયર પ્રગતિ કરતા રહે.

વધુમાં કાંતિભાઈ એ જણાવ્યું હતું કે મોરબી પાસે નિશાંત જાની કોચ છે જે અત્યારે સૌરાષ્ટ્ર અંડર ૧૯ અને અંડર ૨૩ વુમેન્સ ક્રિકેટ ટીમના હેડ કોચ છે અને વેસ્ટ ઝોન (બીસીસીઆઇ)ના સિનિયર ટીમના પણ હેડકોચ છે તો મોરબી ની ટીમ અને પ્લેયર વધુ આગળ વધે એના માટે શુભેચ્છા પાઠવી હતી.

### પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે અનોખી પહેલ

# મોરબીમાં હળવદ તાલુકા વિકાસ અધિકારીએ ટીકરના તરવૈયાની ટીમને રેસક્યું સાધન કીટ અર્પણ કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જિલ્લાના હળવદ તાલુક ખાતે દેવીપુર ગામે તાલુકા કક્ષાના રાષ્ટ્રીય પર્વ એવા ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અન્વયે હળવદ તાલુકા વિકાસ અધિકારીશ્રી મેહુલ સિંધવ દ્વારા ટીકર (રણ) ગામના તરવૈયાઓની ટીમને રેસક્યું સાધન કીટ અર્પણ કરવામાં આવી હતી.

હળવદ તાલુકાના ટીકર (રણ) ગામના ૨૦ થી ૨૨ યુવાનો દ્વારા '' માનવ સેવા એજ પ્રભુ સેવા'' ના સુત્રને સાકાર કરતી એક ટીમ શ્રી ગણેશબાપા તથા જિલ્લા પંચાયત-મોરબીના પુર્વ સદસ્યશ્રી ધર્મેન્દ્રભાઈ એરવાડીયાના માર્ગદર્શન હેઠળ કાર્યરત છે. આ ટીમના સભ્યો કોઇપણ પ્રકારની કુદરતી આપદામાં સ્વ-ખર્ચે ખડે પગે રહી માનવ સેવાનું ઉમદા કાર્ય કરે છે. વાવાઝોડા, અતિવૃષ્ટિ, પુર, નર્મદા કેનાલમાં પડી જવાથી તણાયેલ




વ્યકિતના બચાવ સહિતની કામગીરી આ ટીમ કોઇ પણ જાતના સ્વરક્ષણ વગર તેઓના જીવના જોખમે કાર્યને પાર પાડે છે. થોડા સમય અગાઉ મોરબી ખાતે બનેલ ઝુલતા પુલ દુર્ઘટનામાં પણ આ ટીમના ખંતિલા સભ્યો કોઇપણ પ્રકારની સુચનાની રાહ જોયા વગર ટીકર (રણ) થી તાત્કાલીક બનાવ સ્થળે પહોચી બચાવ કામગીરી હાથ ધરી હતી.

આ સમગ્ર ટીમ નિસ્વાર્થ ભાવે તેઓના જાનના જોખમની પરવા કર્યા વીના તેમના પારીવારીક તમામ કામો પડતા મુકી ઘટના સ્થળે મદદ માટે દોડી જતા હોય છે. જેથી તેઓનો આ જુસ્સો જોઇ આજના અવસરે આ ટીમના સભ્યો માટે આકસ્મિક સંજોગામાં તેઓના જીવન રક્ષણને ધ્યાને લઈ હળવદ તાલુકા વિકાસ અધિકારીશ્રી મેહુલ સિંધવ દ્વારા લાઇફ જેકેટ, બોયા, રોપ, હુક્સ, સેફ્ટી બેલ્ટ વગેરે જેવા આધુનિક સાધનો સાથેની રેસ્ક્યુ સાધનની કીટ આ ટીમના સભ્યોને દાન પેટે અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારીશ્રી તથા સર્વે ઉપસ્થિતોએ આ ટીમ વધુમા વધુ લોકહિત કાર્યો કરતી રહે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# માળીયાના સોનગઢમાં બે ટ્રક વચ્ચે સર્જાયેલ અકસ્માતમાં એકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી)ના સોનગઢ ગામે બે ટ્રક વચ્ચે અકસ્માત થતા એકનું મૃત્યુ નીપજ્યું હતું. જેમાં પીપળીયા ચાર રસ્તાથી માળીયા આવતા ટ્રકને રાજસ્થાન આરટીઓ પાસિંગ ટ્રકના ચાલકે પોતાનો ટ્રક ગફલત ભરી રીતે ચલાવી ઠોકર મારતા અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં ડ્રાઈવરને ગંભીર ઈજાઓ પહોંચતા તેનું મોત નીપજ્યું હતું. અકસ્માતના બનાવમાં મરણ ગયેલ ટ્રક ચાલકના પિતરાઈ દ્વારા માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સામેવાળા ટ્રક ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર રાજસ્થાન રાજ્યના જાંદુઓ કી ઢાણી,ગ્રામ પંચાયત લીલાલા તા.બાયતુ જી.બાલોત્રાના વતની દીપારામ ભીખારામ ચૌધરી ઉવ.૩૬ એ ટ્રક રજી.આરજે-૦૬-જીડી-૬૪૪૮ના ચાલક દેવરાજદેવકરણ ગાડરી ઉવ.૨૦ રહે-રઘુરાજપુરાતા-શાહપુરા જિ-ભીલવાડા રાજસ્થાન વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જાહેર કર્યું કે ગત તા.૨૪/૦૧ ના રોજ ટ્રક ચાલક આરોપીએ પોતાના હવાલા વાળો ટ્રક રજી.નં-આરજે-૦૬-જીડી-૬૪૪૮ પુરઝડપે અને ગફલતભરી રીતે પોતાની તથા બીજાની જીંદગી જોખમાય તે રીતે ચલાવી મરણ જનાર અણંદારામ મુકનારામ ચૌધરીના ટ્રક નં-જીજે-૧૨-બીવાય-૮૦૧૪ને ઠોકર મારતા તેને માથાના ભાગે તેમજ શરીરના ભાગે ગંભીર ઇજાઓ પહોંચતા માળીયા(મી) સરકારી હોસ્પિટલે સારવાર અર્થે લઇ જતા જ્યાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કરતા મરણ જનારના પિતરાઈ દીપારામ ચૌધરીન ફરિયાદના આધારે સામેવાળા ટ્રકના ચાલકની અટક કરી આગળની જયદેસવારની કાર્યવાહી હાથ ધરી છે.

# જોડીયા તાલુકામાં ૮૬ ઘેટા બકરાનું મરણ થતાં રાજ્ય સરકાર દ્વારા રૂા.૧,૪૧,૯૦૦ની સહાય ચુકવાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના જીરાગઢ ગામમાં રહેતા પશુપાલકશ્રી દેવાભાઈ ગમારાના ઘેટા વર્ગના ૬૯ તેમજ બકરા વર્ગના ૧૭ મળીને કુલ ઘેટા બકરા વર્ગના ૮૬ પુખ્ત પશુઓનું તા.૨૧-૧-૨૦૨૪ના રોજ મૃત્યુ થયું હતું. પશુપાલક દ્વારા પશુ ચિકિત્સા અધિકારી જોડિયા સમક્ષ કાર્યવાહી કરવા અને સહાય ચૂકવવા બાબતે લેખિત રજૂઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાને મૃત પશુઓના પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૮૬ પશુઓના મરણ જંગલી કૂતરાના બીકના લીધે ગભરામણથી થયેલ હોવાનું પ્રસ્થાપિત થયું હતું.

પશુપાલકને આ કપરા સમયમાં



મદદરૂપ થવા માટે રાજ્ય સરકાર દ્વારા પ્રતિ મૃત પશુદીઠ રૂ.૧૬૫૦ લેખે કુલ રૂ.૧,૪૧,૯૦૦ની સહાય ચૂકવવામાં આવી છે. જેનો ચેક રાજ્યના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલ અને જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરચર દ્વારા પશુપાલકને અર્પણ કરી મંત્રીએ સંવેદના વ્યક્ત કરી હતી.


# જામનગરમાં ડીકેવીના રસ્તા પર રેકડીમાંથી તેલનો ડબ્બો ઊંધો વળી જતાં તેલ ફેલાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં પંડિત નહેરુ માર્ગ-ડીકેવી રોડ પર પટેલ કોલોની શેરી નંબર બે ના ખૂણા પાસે એક રેકડી માંથી તેલ નો ડબ્બો નીચે પડી ગયો હતો, અને તેનો ઢાંકણ ખુલી જવાથી અને ડબ્બો તૂટી જવાથી માર્ગ પર તેલ ઢોળાયું હતું, અને ચો તરફ ફેલાઈ ગયું હતું, જેના કારણે વાહન વ્યવહાર અવરોધાયો હતો. કેટલાક વાહનચાલકો તો સ્લીપ પણ થયા હતા.આ બનાવની જાણકારી મળતાં સવારે ૯:૦૦ વાગ્યાના અરસામાં સ્થાનિક કોર્પોરેટર સુભાષભાઈ જોશી ઘટના સ્થળે દોડી ગયા હતા, અને મહાનગરપાલિકાના સફાઈ કામદારોને બોલાવી તાત્કાલિક અસરથી સૌપ્રથમ તેલવાળા ભાગમાં રેતી મંગાવીને પાથરી દીધી હતી, ત્યારબાદ રોડને સાફ કરાવ્યો હતો.

# રાજુલાના બર્બટાણા રેલ્વે જંકશન પર રેલ્વે સલાહકાર સમિતિની બેઠક મળી


**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

રાજુલાના બર્બટાણા રેલ્વે જંકશન ખાતે રેલ્વે સલાહકાર સમિતિની બેઠકનુ આયોજન કરવામા આવ્યું હતું. આ બેઠક રાજુલા રેલ્વે સ્ટેશન માસ્ટર ક્રિષ્ના મોહનની અધ્યક્ષતામા રેલ્વે સલાહકાર સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમા સલાહકાર સમિતિના સભ્યો દ્વારા અધિકારીઓની હાજરીમા રજૂ કર્યા હતાં જેમા મહુવા સુરત ટ્રેનને ડેઇલી બાંદ્રા સુધી ચાલુ કરવા, રાજુલા જંકશન રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર-૧ ની સામે પ્લેટફોર્મ નંબર-૨ ઝડપથી બને અને એ બાજુ પેસેન્જર ટ્રેન આવે જેથી ફાટક બંધ હોય તો પણ મુસાફરોને તકલીફ ન પડે, પીપાવાવ ગાંધીગ્રામ ઇન્ટરસિટી ટ્રેન ચાલુ કરવી તેમજ પીપાવાવ હરિદ્વાર વિકલી ટ્રેન ચાલુ કરવા સહિતના પ્રશ્નનુ નીરાકરણ કરવા માટે માંગ કરી હતી. આ તકે સલાહકાર સમિતિના સભ્ય જીગ્નેશભાઇ પટેલ, બકુલભાઇ વોરા, રવુભાઇ ખુમાણ, હરસુરભાઇ લાખણોત્રા, સાગરભાઇ સરવૈયા દ્વારા રેલ્વે બાબતોએ વિવિધ પ્રશ્નો રજૂ કરવામા આવ્યાં હતાં....

# મોટા થાવરિયાથી અલિયાબાડાને જોડતા રૂા.૪ કરોડના ખર્ચે નવનિર્મિત મેજરબ્રીજનું લોકાર્પણ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર. રાજયના કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌ સંવર્ધન, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે જામનગર તાલુકાના હાપા ગામમાં ૨ કિમીની લંબાઈ ધરાવતા રૂ.૧.૫ કરોડના ખર્ચે નવનિર્મિત સીસી રોડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, કૃષિમંત્રીએ જામનગર તાલુકાના મોટા થાવરિયા ગામથી અલિયાબાડા ગામને જોડતા રૂ.૪ કરોડના ખર્ચે નવનિર્મિત મેજર બ્રીજનું લોકાર્પણ કર્યું હતું. મોટા થાવરીયાથી અલિયાબાડા ગામોની વચ્ચે હુડકો નદીની ઉપર ૧૨ મીટરના ૬ ગાળા ધરાવતા મેજરબ્રીજનું નિર્માણ કરવામાં આવ્યું છે.કાર્યક્રમમાં કૃષિમંત્રીએ જણાવ્યું હતું કે, જામનગર તાલુકાના હાપા ગામમાં રૂ.૧.૫ કરોડના




ખર્ચે સીસી રોડનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત, મેટલ કામ, માટી કામ, સ્લેબ ડ્રેઈન, રોડ રિસરફેસિંગ અને અન્ય જરૂરી કામગીરી સાથોસાથ પુર્ણ કરવામાં આવી છે. આ નવો રસ્તો બનવાથી ચોમાસાની ઋતુમાં ગ્રામજનોને અવર-જવર કરવામાં સરળતા રહેશે.મોટા થાવરિયા મુકામે કૃષિમંત્રીએ જણાવ્યું હતું કે,જામનગર તાલુકાના અલિયાબાડાથી મોટા થાવરિયા ગામોને જોડતા મેજર બ્રીજની સુવિધાથી આજુબાજુના ગામોમાં ગ્રામજનો જલ્દીથી પહોંચી શકશે. તાજેતરમાં રૂ.૮ કરોડથી વધુના ખર્ચે રોડ રિકાર્પેટિંગ, ખીમારાણા ગામમાં કોઝ-વે અને ખીમારાણાથી મોટા થાવરિયા ગામને જોડતા નવા રસ્તાના વિકાસ કાર્યો પરિપૂર્ણ કરવામાં આવ્યા છે. તેમજ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ અનેકવિધ વિકાસકાર્યો સમગ્ર જામનગર જિલ્લામાં હાથ ધરવામાં આવ્યા છે.આ કાર્યક્રમમાં, જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસર, બાંધકામ સમિતિના ચેરમેન પ્રવિણાબેન ચભાડીયા, માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેર. છૈયાભાઈ, હાપા સરપંચ મહેશભાઈ, મોટા થાવરીયા સરપંચ કરસનભાઈ, અગ્રણી ભરતભાઈ બોરસદિયા, મુકુંદભાઈ સભાયા, ગિરિરાજસિંહ, અન્ય પદાધિકારીગણ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયા હતા.

# ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયાની રજુઆતથી મોરબીની માધાપરવાડી કન્યા શાળામાં સ્વચ્છતા સંકુલનું બાંધકામ શરૂ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની માધાપરવાડી કન્યા શાળામાં ૪૦૦ જેટલી બાળાઓ છે,શાળા PM SHREE પ્રોજેક્ટ માટે પસંદ થયેલ હોય શાળામાં ગર્લ્સ ટોયલેટની ખાસ જરુર હતી આ અંગે શાળાના આચાર્ય સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના સભ્યો ગ્રામજનોએ,વાલીઓએ દુર્લભજીભાઈ દેથરીયા ધારાસભ્ય ટંકારા-પડધરી સમક્ષ રૂબરૂ રજુઆત કરવામાં આવેલ હોય મોરબી જિલ્લાના જાગૃત ધારાસભ્ય દ્વારા રાજ્ય અને જિલ્લા



કક્ષાએ સમગ્ર શિક્ષા અભિયાનના અધિકારીઓને લેખિત તેમજ મૌખિક રજુઆત કરતા આઠ ખાના ધરાવતુ સ્વચ્છતા સકુંલ મંજુર થતા શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા બાંધકામની શરૂઆત કરવામાં આવતા,ગ્રામજનોએ, સમિતિના સભ્યોએ,શાળા પરીવારે ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર, ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ એન્જીનીયર અને તાલુકાના ટેક્નિકલ રિસોર્સ પર્શનનો આભાર પ્રકટ કરેલ છે.

# ઉજ્જૈનમાં સરદાર પટેલની પ્રતિમા ખંડિત કરનાર સામે કડકમાં કડક પગલા ભરોઃસરદાર પટેલ સેવાદળ





(તસ્વીરઃ આનંદ જાવિયા)

તાજેતરમાં મધ્યપ્રદેશના ઉજ્જૈનના માકડોન ખાતે કેટલાક અસામાજીક તત્વો દ્વારા રાષ્ટ્રીય એક્તાના પ્રતીક અને અખંડ ભારતના નિર્માતા સરદાર પટેલની પ્રતિમાને ઉખાડી, તોડફોડ તેમજ ખંડીત કરી સળગાવવામાં આવી હતી. જેને લઈ આજે રાજકોટ સરદાર પટેલ સેવાદળ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી જણાવવામાં આવ્યું હતું. કે આપ મારફત આ બાબતની રજૂઆત મધ્યપ્રદેશના મુખ્યમંત્રી અને પ્રસાશનને કરી અસામાજીક તત્વોની વહેલી તકે ધરપકડ કરવામાં આવે તેમજ આ અંગેનો કેસ ફાસ્ટટ્રેક કોર્ટમાં ચલાવી આરોપીઓને કડકમાં કડક સજા કરવામાં આવે.

# વીરનર્મદ ટાઉનશીપનો પાણીવેરો માફ કરોઃમ્યુ.કમિશનરને અપાયું આવેદન



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજના કેજે એસટી વર્કશોપ પાછળ, ગોંડલ રોડ પર આવેલી છે. જે વીરનર્મદ ટાઉનશીપ તરીકે ઓળખાય છે. જેના ફલેટધારકોએ આજે મ્યુ.કમિશનરને આવેદનપત્ર સુપ્રત કરીને જણાવ્યું છે કે વોર્ડ ઓફિસર દ્વારા એકી સાથે રૂ.૯,૫૫,૮૨૫નું પાણી વેરા બીલ ફટકારવામાં આવ્યું છે. તેઓએ જણાવ્યું હતું કે આ ટાઉનશીપમાં રહેતા પરિવારો ગરીબ અને મધ્યમવર્ગના છે. જે આ પાણીવેરો ભરી શકે તેમ ન હોય માફ કરવા જણાવ્યું છે.

# નવાગામમાં લગ્ન પ્રસંગે ગયેલા પરિવારના બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પાંચ-છ દિવસ સુધી બંધ પડેલા મકાન-દુકાન અને કારખાનાને તસ્કરો નિશાન બનાવતાં હોય આવો જ ચોરીનો એક બનાવ નવાગામ (૫૬) માં આવેલી ન્યુ શક્તિ સોસાયટીમાં બન્યો છે. જ્યાં છ દિવસ સુધી બંધ પડેલા મકાનમાંથી ઘરેણા-રોકડની ચોરી થતાં ફરિયાદ નોંધાઈ છે. આ અંગે દીપક મનસુખભાઈ ચૌહાણ (ઉ.વ.૪૪) કે જે શીટકવરની દુકાન ધરાવે છે તેમણે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તા.૨૧થી તા.૨૭ સુધી તેઓ ધાર્મિક તેમજ લગ્ન પ્રસંગમાં પરિવાર સાથે હાજરી પૂરાવવા માટે ગયા હોય ઘરને તાળું મારેલું હતું. ૨૭મીએ જ્યારે પ્રસંગ પૂરા કરીને ઘેર પરત ફર્યા ત્યારે ડેલી તેમજ મકાનના મુખ્ય રૂમનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું.

આ પછી ઘરમાં જઈને તપાસ કરતાં બેડરૂમમાં રહેલા લોખંડના કબાટને તોડી તેમાંથી સોનાનો ચેન- બુટિયા, બે વીંટી, ચાંદીના સાકળા, ૦૦ પત્નીના પર્સમાં રાખેલા ૨૫,૦૦ રોકડા અને પુત્રના ગલ્લામાં રાખેલા પાંચ હજાર રોકડા મળી ૮૦,૦૦૦ના મુદ્દામાલની ચોરી થયાનું જાહેર કરતાં બી-ડિવિઝન પોલીસે ગુનો નોંધી તસ્કરને દબોચી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# આંબેડકરનગરમાં પ્રેમલગ્ન મુદ્દે યુવક-યુવતિના પરિવાર વચ્ચે ધીંગાણું

## વાવડી ગામે શેરીમાં મોબાઈલ ફોન પર જોશજોશથી વાત કરવાની ના કહેતા યુવાનને પટેલ પિતા પુત્રએ ધોકાવી નાખ્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે ૮૦ ફૂટ રોડ પર આજીવસાહત પાસે આવેલા આંબેડકરનગરમાં પ્રેમલગ્ન કરવા મુ યુવતી અને યુવકના પરિવાર વચ્ચે મારામારી થતા ધીંગાણું થયું હતું બનાવના પગલે થોરાળા પોલીસે સામસામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ૮૦ ફૂટ રોડ પર આવેલા આંબેડકરનગર શેરી નં.૧૦ માં આવેલા રહેતો ધર્મેશ ઉર્ફે ધવલ હમીરભાઈ મક્વાણા નામના યુવાને સામાપક્ષે પકો ઉર્ફે પ્રકાશ વસંત ચાવડા, દિપક વસંત ચાવડા, યશ જગદીશ ચૌહાણ, જગદીશ હરી ચૌહાણ તેની પત્ની, વૈશાલી પ્રકાશ ચાવડા, મહીપત, હર્ષદ, ગૌતમ, પ્રકાશ ના બે સાળા સાસુ સહિતના નામ આપ્યા છે. ફયિાદમાં જણાવ્યું છે કે તેની બહેન સાથે પ્રકાશ ચાવડાનો ભાણેજ એ પ્રેમલગ્ન કર્યા હોય જેનો ખાર રાખી આ શખ્સોએ ગેરકાયદેસર મંડળી રચી હૂમલો કરી મારમાર્યો હતો.

જ્યારે સામા પક્ષે આંબેડકરનગર શેરી નં.૧૪માં રહેતો યશ જગદીશ ચૌહાણએ સામે વળતી ફરિયાદ નોંધાવી છે તેમાં હમીર મેઘજી મક્વાણા, જયા હમીર, જયદીપ હમીર, ધવલ હમીર, અજય હમીર, મુકેશ કાળા મક્વાણા, જગદીશ કાળા મક્વાણા, ગણેશ ગાંડા, જયા વિનોદ, ગૌવરી ગણપત, લલ્લીત વાણીયા, ચંપા વાણીયા, કનુલાલજી સહિત ૧૩ શખ્સોના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યું છે કે આ યુવાને હમીર મક્વાણાની દીકરી સાથે પ્રેમલગ્ન કર્યા હોય જે બાબતનો ખાર રાખી ગેરકાયદેસર મંડળી રચી ટોળાએ હૂમલો કરી માર માર્યો હોવાની ફરિયાદ નોંધાવી હતી. બનાવના પગલે થોરાળા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર જોડેજાએ સામસામે ગુનો નોંધી પ્રાથમીક તપાસ હાથ ધરી છે.

જ્યારે એક બનાવમાં સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે આવેલા ભારતનગર આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતો મહેશ ખીમજીભાઈ જાદવ નામનો યુવાન ગઈકાલે વાવડીગામે કામ કરવા ગયો હતો ત્યારે તે મોબાઈલ ફોન પર વાત કરતો હોય જેથી શેરીમાં રહેતો મહેશ કોરાટ અને તેનો પુત્ર અકુંર કોરાટ એ ફોનમાં વાત ધીમે કરવાનું કહેતા રકજક થઈ હોય જેથી આ બંને પિતા પુત્રએ માથામાં કાચની બોટલ મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાય છે. બનાવના પગલે પીએસઆઈ બી.ડી.ઠાકોરએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ગોંડલ પંથકના શખ્સે ગ્રેવિટી એનર્જીના ભાગીદારો સાથે કરી રૂા.૫૪ કરોડની ઠગાઈ

## સુરત પોલીસે શખ્સની ધરપકડ કરી પાંચ દિવસના રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી

**મુખ્ય સમાચાર, સુરત**

ગ્રેવિટી એનર્જીના નામથી સોલારનો ધંધો કરતા છ ભાગીદારો સાથે અન્ય ભાગીદાર સાગર પીપળીયાએ ૫૪ કરોડની છેતરપિંડી કરી છે. ફરિયાદ બાદ ઈકો સેલે સાગરની ધરપકડ : કરી ૫ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

ઉત્રાણ ખાતે સાંગરીલા હાઈટ્સમાં રહેતા પંકજભાઈ નાથભાઈ કાકડિયા (૪૪) પાંચ ભાગીદારો સાથે અગાઉ ટેક્સ્ટાઈલ અને ડાયમંડનો વેપાર કરતા હતા. વર્ષ ૨૦૧૮માં તેમના મિત્ર હસ્તક સાગર દિનેશ પીપળીયા (રહે. અક્ષરપાર્ક, છાપરાભાઠા-મૂળ ગોંડલ, રાજકોટ) સાથે સંપર્ક થયો હતો. સાગર સાથે પંકજભાઈ અને તેમના ભાગીદારોએ ગ્રેવિટી એનર્જીના નામથી સોલાર પેનાલનો વેપાર શરૂ કર્યો હતો. સાગરે પ્રથમ મુલાકાતે રિલાયન્સના ટાવર ઊભા કરવાનું તેમજ સરકારની સબસિડીમાંથી સારો નફો થશે એવી વાત કરીને ૫૦ લાખનું રોકાણ કરાવ્યું હતું. આ સાથે એક કરાર પણ બનાવાયો હતો. ભાગીદારી પેઢીમાં સૂર્યા ગુજરાત યોજના અંતર્ગત હવ વર્ષે ટેન્ડર ભરી તે મુજબ સોલારનું કિલો વોટ અને મેગા વોટમાં કામ કરવાનું થયું હતું. દરમિયાન સાગરે ઓફિસે આવીને બીજી ૧૩ કંપનીના હિસાબ આપ્યા હતા. આ તમામ કંપનીમાં તેઓ તેમની કંપનીમાંથી કામ આપતા હોવાનું કહ્યું હતું. પાંચ વર્ષમાં ભાગીદારોએ સાગરને કંપનીમાં રોકાણ પેટે આપેલા રૂ. ૨૩.૧૫ કરોડ રૂપિયા તથા નફાની રકમ મળી કુલ ૫૪ કરોડ લેવાના નીકળતા હતા. જે આપવામાં સાગર આનાકાની કરતો હતો. જે અંગે કાઇ મ બાંચે ગુનો નોંધ્યો હતો.

# રાજકોટ પોલીસ દ્વારા સુરક્ષા સેતુ યોજના અંતર્ગત ટ્રાફિક અવરનેસ સાથે નિઃશુલ્ક આંખની તપાસના કેમ્પ યોજાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જુના માર્કેટીંગ યાર્ડ, ગોંડલ રોડ ખાતે સુરક્ષા સેતુ યોજના અંતર્ગત રાજકોટ શહેર પોલીસ દ્વારા ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ તથા નિઃ શુલ્ક આંખની તપાસના કેમ્પ યોજાયા હતા.

આ કાર્યક્રમમાં પોલીસ ઈન્સ્પેક્ટર એન.જી.વાઘેલાએ ટ્રાફિકના નિયમોનું પાલન, ઝીબ્રા ક્રોસિંગ, ડ્રાઈવિંગ લાઇસન્સનું મહત્વ, વાહન ચલાવતી વખતે હેલ્મેટ અને શીટ બેલ્ટનો ઉપયોગ કરવો, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો, કારમાં બ્લેક ફિલ્મ વાળા કાચનો ઉપયોગ ન કરવો, ઓવર સ્પીડમાં અને રોંગ સાઈડમાં વાહન ચલાવવું નહીં, ઈ-મેમો, ટ્રાફિક સિગ્નલ પાલન અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં આંખના નિષ્ણાંત ડો. કાર્તિક પટેલ દ્વારા આંખની તપાસ કરાઇ હતી. જેમાં માર્કેટિંગ યાર્ડના ખેડૂતો તેમજ ટ્રક ચાલક, રિક્ષા ચાલક સહિત આશરે ૬૦ ડ્રાઇવરોની આંખની તપાસ કરાઇ હતી. આ તકે શહેર ટ્રાફિક પોલીસ સ્ટાફ તેમજ આરોગ્ય વિભાગના કર્મચારીઓ,ખેડૂત ભાઈઓ અને ડ્રાઈવર ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રક્તદાન કરીને પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરતી થોરાળા પોલીસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે રાજકોટ ખાતેના થોરાળા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર ભાર્ગવસિંહ ઝણકાટના માર્ગદર્શન હેઠળ 'બ્લડ ડોનેશન કેમ્પ' યોજાયો હતો.

આ કેમ્પમાં થોરાળા પોલીસ સ્ટેશન, આજીડેમ પોલીસ સ્ટેશન, ભક્તિનગર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફના મિત્રો અને થોરાળા વિસ્તારના યુવાનો અને મહિલાઓએ રક્તદાન કરીને પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી હતી. થોરાળા પોલીસ સ્ટેશનના સ્ટાફે સ્ટેશન આસપાસના વિસ્તારના યુવાનોને રક્તદાન કરવા અંગેનું મહત્વ સમજાવી રક્તદાન કરવા પ્રેરિત કર્યા હતા. આ કેમ્પમાં પોલીસ અને પ્રજાના સહયોગથી ૨૯ બોટલ રક્ત એકઠું કરાયુ હતું.

# જસદણ શહેરી વિસ્તારમાં રૂ.૨.૮૦ કરોડના ખર્ચે થનારા જુદા જુદા વિકાસકામોનું ખાતમુહૂર્ત કરતાં મંત્રી કુંવરજીભાઈ બાવળિયા

## ૧૫માં નાણાપંચ યોજના અને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ સીસીટીવી કેમેરા સપ્લાય અને ફીટીંગ,સી.સી. રોડ, સ્ટ્રોમ વોટર લાઈનના કામો થશે



**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના શહેરી વિસ્તાર માટે ૧૫માં નાણાપંચ તથા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે જળસંપતિ, પાણી પુરવઠા, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાનાં કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાની ઉપસ્થિતિમાં જસદણમાં વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

જેમાં ૧૫માં નાણાપંચ યોજના અન્વયે અંદાજિત રકમ રૂપિયા ૨૯.૧૨ લાખના ખર્ચે જસદણ શહેરના જુદા જુદા વિસ્તારમાં સીસીટીવી કેમેરા સપ્લાય અને ફીટીંગ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ અંદાજિત રૂપિયા ૧.૨૪ કરોડના ખર્ચે જસદણ નગરપાલિકા વિસ્તારમાં સી.સી. રોડ બનાવવાનું કામ તથા અંદાજિત રૂપિયા ૧.૨૬ કરોડના ખર્ચે જસદણ નગરપાલિકા વિસ્તારમાં સ્ટ્રોમ વોટર લાઈન નાખવાના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

જુદાજુદા વિકાસ કામોના ખાતમુહૂર્ત પ્રસંગે જસદણ નગરપાલિકાના પદાધિકારીઓ, સદસ્યો, આગેવાનઓ, સંબંધિત વિભાગના અધિકારીઓ કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જીવનનગરમાં ૭૫ માં ગણતંત્રની આન, બાન, શાનથી ઉજવણી

## નાગરિક ધર્મ સાથે બંધારણનું પાલન કરીએઃ જયંત પંડયાઃ રાષ્ટ્રીય એક્તા રેલીએ માર્ગો ઉપર આકર્ષણ જમાવ્યું, દેશપ્રેમના સુત્રોચ્ચાર થયાઃ જીવનનગર સમિતિનો ૪૩માં વર્ષનો રાષ્ટ્રીય પર્વ સંપન્ન થયો



**મુખ્ય સમાચાર,, રાજકોટ**

ભારત જન વિજ્ઞાન જાથાના સૌજન્યથી જીવનનગર વિકાસ સમિતિ વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ સમિતિ અને મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે જીવનનગરમાં ૭૫ મો ગણતંત્રનો રાષ્ટ્રીય પર્વની આન-બાન-શાનથી ઉજવણી કરવામાં આવ હતી. બંધારણને અનુસરીને નાગરિક ધર્મનું પાલન કરવાની વિશ માહિતી આપવામાં આવી હતી.

રાષ્ટ્રધ્વજ ગોકુલ મારબલના માલિક રસિકભાઈ કરશનભાઈ લીંબાણીના હસ્તે રાખવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય પર્વ નિમિત્તે શુભેચ્છા પાઠવી હતી.

રાષ્ટ્રીય એક્તા રેલી, પર્વના ઉદ્યાટન પ્રસંગે શહેર ભા.જ.પ. ના મંત્રી હરેશભાઈ કાનાણી, પૂર્વ નગરસેવક, ચેરમેન અશ્વિનભાઈ ભોરણીયા, વોર્ડ પ્રમુખ રજનીભાઈ ગોલ, કિશાન મોરચાના કિશોરભાઈ સોજીત્રા, પિયુષભાઈ રાજપરા, મંત્રી મેહુલભાઈ નથવાણી, વોર્ડ નં. ૯ ના પ્રભારી ધર્મેન્ભાઈ ભગત, આગેવાનોમાં ડૉ. આશિષ મક્વાણા, શ્યામભાઈ ડાભી, વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, વિપુલ પંડ્યા, ભાવેશ બુદ્ધેલાએ વિશેષ હાજરી આપી હતી.

વોર્ડ નં. ૧૦ ના પ્રમુખ રજનીભાઈ ગોલે રાષ્ટ્રની ઉન્નતિ માટે પરિબળોની માહિતી આપી આગામી લોકોપયોગી કાર્યોમાં રહીશોને જોડાવવા આહવાન કર્યું હતું.

સમિતિના પ્રમુખ-એડવોકેટ જયંત પંડયાએ છેલ્લા ૪૩ વર્ષથી આ વિસ્તારમાં રાષ્ટ્રીય પર્વની ઉજવણી થઈ રહી છે તેમાં રહીશોની એક્તા કારણભૂત છે. રાજય-કેન્ સરકારના કાર્યક્રમોમાં ભાગ લઈ નાગરિક ધર્મ બજાવવામાં આવે છે. બંધારણનું માન-સન્માન જાળવવું લોકોનું કર્તવ્ય છે. ભારતની પ્રગતિમાં ભાગીદારીની નૈતિક ફરજનો સમય છે.

અનિલ જ્ઞાન મંદિર, સ્વસ્તિક ગર્લ્સ હાઈસ્કૂલના છાત્ર-છાત્રાઓએ એક્તા રેલીમાં ભાગ લઈ માર્ગો ઉપર લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. દેશપ્રેમ-દેશદાઝના સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

રાષ્ટ્રીય પર્વની સફળતામાં જયંત પંડયાના નેતૃત્વમાં વિજયભાઈ જોબનપુત્રા, પંકજભાઈ મહેતા, વિનોદરાય ભટ્ટ, અંકલેશ ગોહિલ, મુકેશભાઈ પોપટ, પાર્થ ગોહેલ, યોગીતાબેન જોબનપુત્રા, શોભનાબેન ભાણવડીયા, અલ્કાબેન પંડયા, સુનીતાબેન વ્યાસ, ભારતીબેન ગંગદેવ, હર્ષાબેન પંડયા એડવોકેટ, આશાબેન મજેઠીયા, નેહાબેન મહેતા, જયોતિબેન પુજારાએ જહેમત ઉઠાવી હતી.

# ઉપલેટાના ભીમોરા ગામે માસુમ પુત્રીને એસિડ પાઈ માતાએ કર્યો આપઘાત

## પુત્રીને ગંભીર હાલતમાં સારવારમાં રાજકોટ ખસેડાઈઃભરવાડ પરિવારમાં કરૂણ કલ્પાંતઃપાટણવાવ પોલીસે પુત્રીની હત્યાનો પ્રયાસ કરનાર મૃતક માતા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

ઉપલેટા તાલુકાના ભીમોરા ગામે કરૂણ ઘટના બનવા પામી છે જેમાં સગી જનેતાએ પોતાની નવ મહિનાની માસુમ પુત્રીને એસીડ પીવડાવી પોતેપણ એસીડ પી લઈ આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી જવા પામી છે. બનાવના પગલે પાટણવાવ પોલીસે પતિની ફરિયાદ લઈ માસુમ





પુત્રીની હત્યાનો કરવાનો પ્રયાસ કરનાર મૃતક માતા સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ઉપલેટા તાલુકાના ભીમોરા ગામે રહેતા અને ખેતીકામ કરતા જગાભાઈ ગાંડાભાઈ મકવાણા (ઉ.વ.૨૭)નામના ભરવાડ યુવાને પાટણવાવ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે વાડિયે હતો ત્યારે તેની પત્ની મનિષા ઉર્ફે સુમી (ઉ.વ.૨૨)નો ફોન આવ્યો હતો કે ને એસીડ પી લીધુ છે. તમે ઘરે આવો ત્યારે જગાભાઈ તેની માતા મૂળીબેન અને નાનો ભાઈ જીવાભાઈ ત્રણેય બાઈકમાં ઘરે આવતા રૂમમાં જોયુ તો તેની પત્ની મનીષા ઉર્ફે સુમી ગાદલા પર આરોટતી હતી અને ઉલટીઓ કરતી હતી અને તેની માસુમ પુત્રી ધાર્મી ઉલટીઓ કરતી હતી અને ત્યારે તેમા મોઢા પર ફીણ આવી ગયા હતા. યુવાને તેના મામા જગાભાઈ જાદવને ફોન કરી બોલાવી તેની કારમાં આ બંનેને સારવારમાં ઉપલેટા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ત્યાં તેની પત્ની મનિષાનું મોત નિપજ્યું હતું જ્યારે પુત્રી ધાર્મીની હાલત ગંભીર હોય જેથી તેના મોટા ભાઈ રામભાઈ ઘેલાભાઈ મકવાણા તેને સારવારમાં રાજકોટ ખસેડવામાં આવી હતી.

આ ઘટનાના પગલે પાટણવાવ પોલીસે મૃતક મહિલા સામે તેની માસુમ પુત્રીને એસીડ પીવડાવી હત્યા કરવાનો પ્રયાસ કર્યો હોવાની ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પીપાવાવમાં સ્ટેટ મોનીટરીંગ સેલના દરોડાઃ પેટ્રોલ, ડીઝલ, ડામર ચોરી રેકેટ ઝડપાયું

## બે શખ્સોની ધરપકડ કરી રૂા.૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ ફરાર આરોપીની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, અમરેલી**

અમરેલીના પીપાવાવમાંથી મસમોટું પેટ્રોલ -ડિઝલ ડામરનું રેકેટ ઝડપાયુ છે. અંદાજિત ૩૪ લાખથી વધુના મુદ્દામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે, જ્યારે અન્ય ત્રણ આરોપી ફરાર થઇ ગયા છે. આ આ મામલે કુલ લ ૬ આરોપીઓ વિરૂદ્ધ પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.



આ અંગેની માહિરતી મુજબ અમરેલી- પીપાવાવ ચોકડી ઉપર રાજસ્થાની હોટલ ગ્રાઉન્ડ ઉપર સ્ટેટ મોનિટરિંગ સેલ-જખઈએ અચાનક દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી, જેમાં ડીઝલ પેટ્રોલ ડામરનું મોટું રેક્ટ ઝડપાયું હતું, આ ડામર રાજસ્થાનમાં સપ્લાય કરાતો હતો. પીપાવાવ પોર્ટમાંથી આવતા ટેન્કરમાંથી ગેરકાયદેસર ચોરી કરીને ડીઝલ પેટ્રોલ ડામરનો જથ્થો કાઢવામાં આવતો હતો. આ ઘટનામાં એસએમસીએ આરોપીઓ પાસેથી ચોરી કરેલું ડીઝલ એટલે કે ૧૨,૫૫૦ લીટરનું ટેન્કર જમ કર્યું છે, જેની સાથે ૩૦૦ લીટર પેટ્રોલ, ૧૯ ટન ડામર તેમજ ફોરવીલ કાર સહિતનો લાખોનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડામાં ઇલેક્ટ્રિક વોટર મોટર, બ્લોઅર, પાઇપ સહિતની સામગ્રી જમ કરાઈ છે. આમાં કુલ ૩૪,૧૭,૯૨૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડામાં આરોપી દિગ્વિજય ખુમાણ, સલીમ પઠાણ એમ બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, આમાં મુખ્ય આરોપી જયરાજ વાળા સહિત અન્ય ૩ આરોપી ફરાર થયા છે. છે. ૬ આરોપી સામે પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. ગુજરાત સ્ટેટ મોનિટરીંગ સેલના દરોડાથી અમરેલી પોલીસની કામગીરી સામે સવાલો ઉઠ્યાં છે.

# ગોંડલ રોડ ચોકડી પાસે આઈસરના ચોર ખાનામાંથી વિદેશી દારૂના ૬૧૮ ચપલા ઝડપાયા

## આજી ડેમ પોલીસે રૂા.૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી એકની ધરપકડ કરી સપ્લાયરની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ ચોકડી પાસેથી આજીડેમ પોલીસે આઇસર ટ્રકમાંથી દારૂનો જથ્થો ઝડપી પાડયો છે. પોલીસે ટ્રક સાથે ૨ શખસને વિદેશી દારૂની ૬૧૮ બોટલ સહિત ઝડપી પાડયા છે. ટ્રક ચાલકે ચોરખાનામાં દારૂનો જથ્થો છુપાવ્યો હતો. પોલીસ ૩ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ આજીડેમ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એલ.એલ.ચાવડાની રાહબરીમાં આસિસ્ટન્ટ પોલીસ સબ ઇન્સ્પેકટર એચ.વી. મારવણીયા, સોલવંટ ચોકીની ટીમ દ્વારા પોલીસ હેડ કોન્સ્ટેબલ



બોસીયાનાઓને મળેલી બાતમીના આધારે આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તાર ગોંડલ ચોકડી ઓવર બ્રિજ ઉપરથી આઇસર ટ્રક નં. MH-04ÓJ- 7488ના ચેસીસમાં બનાવેલા ચોર ખાનામાંથી ૧,૨૨,૨૮૦ની કિંમતની ૬૧૮ દારૂની બોટલ કબ્જે કરી હતી જેમાં ટ્રક ચાલક ગુલાબનગર શેરી નં.૨માં રહેતો જયદેવ ૨૮ વર્ષીય રજની વનરાજભાઈ કેસરીયાને ઝડપી લઈ ગુલાબનગરમાં જ શેરી નં.૫ માં રહેતા વિકાસ ઉર્ફે વિકી દશરથસિંહ ગૌતમીયાને પોલીસે ઝડપી લેવા તજવીજ હાથ ધરી અને વિદેશી દારૂની ૬૧૮ બોટલ કબ્જે કરી હતી. સાથે જ ટ્રક, મોબાઈલ ૩,૭૩,૨૮૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# મધ્યસ્થ જેલમાં કેદીઓને પ્રેરણા મળે તે માટે ૧૫૦ ચિત્રો દીવાલો પર કરાયા પેન્ટીંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ચિત્રનગરીના કલાકારો દ્વારા તાજેતરમાં બરોડા જેલ ખાતે ૧૫૦ કરતાં વધુ પ્રેરણાત્મક ચિત્રો દોરવામાં આવ્યાં હતાં, ત્યારે રાજકોટ સેન્ટ્રલ જેલની કાળકોટડીને રંગીન બનાવવાનો પ્રારંભ કરાયો છે. જેમાં કેદીઓમાં પોઝિટિવિટી વધે અને તેઓ વધારે ગુના કરતા અટકે તેના માટે ચિત્રનગરીનાં ૯૦ જેટલા કલાકાર દ્વારા ૧૫૦ કરતાં વધુ સુંદર ચિત્રો દોરવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ ચિત્રો કેદીઓને સુધારવામાં અને ગુનાઓ અટકાવવામાં મહત્ત્વનો ભાગ ભજવશે.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ સેન્ટ્રલ જેલના ઇન્ચાર્જ અધિક્ષક બી. બી. પરમારે જણાવ્યું હતું કે, રાજ્યના જેલ વડા રાવ સાહેબ અને એસપી વર્માના માર્ગદર્શનમાં આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. જેમાં જેલ હવે જેલ નથી પરંતુ સુધારાત્મક ગૃહ છે અને અહીં જે કોઈ કાચા કે પાકા કામના કેદીઓ આવે તે અહીંથી સારો સંદેશો લઈ જાય તે માટે પ્રેરણાત્મક ચિત્રો દોરવાનું શરૂ કર્યું છે. જેવા વાતાવરણમાં રહીએ તેની અસર લોકોમાં થતી હોય છે, ત્યારે જેલમાં રહીને કેદીઓ સારા વિચાર કરતા થાય તે માટે આ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. વધુમાં તેમણે જણાવ્યું કે, એવાં ચિત્રો બનાવવામાં આવ્યાં છે

જેનાથી કેદીઓને તેમણે કરેલા ગુનાનો અફસોસ થાય અને સારાં કાર્યો કરવા પ્રેરાય. દાખલા તરીકે બે રસ્તાઓ બનાવવામાં આવ્યા હોય જેમાં એક રસ્તો જેલ તરફ અને બીજો પરિવાર તરફ જતો હોય અને લખ્યું હોય કે તમારે ક્યાં જવું છે? કોઈ કેદીના બાળકનો જન્મદિવસ હોય અને પોતે જેલમાં હોય તો સ્વાભાવિક રીતે આવાં ચિત્રો જોઈને તેને થાય કે, મારે જેલમાં રહેવું પડે તેવાં કામ ન કરવાં જોઈએ. ચિત્રનગરીના જીતુ ગોટેચાએ જણાવ્યું હતું કે, થોડા સમય અગાઉ અમે વડોદરા જેલમાં પ્રેરણાત્મક ચિત્રો દોર્યાં હતાં. તેમજ ૫ વર્ષ અગાઉ રાજકોટ જેલની બહાર પણ ચિત્રો બનાવ્યાં હતાં, પરંતુ આ વખતે સરે વાત કરી કે આપણે જેલની અંદર રહેલા કેદીઓને પ્રેરણા મળે તેવાં ચિત્રો બનાવવાં છે. જેના માટે આજે સવારથી અમારા ૯૦ કલાકારે સવારે ૯ વાગ્યાથી ચિત્રો બનાવવાનું શરૂ કર્યું છે. જેમાં કેદીઓને સારી પ્રેરણા મળે તેવાં ચિત્રો બનાવવામાં આવી રહ્યાં છે.

સામાન્ય રીતે એક કલાકાર દ્વારા બે ચિત્ર તૈયાર કરવામાં આવનાર છે, પરંતુ કેટલાક કલાકારો એક ચિત્ર કરે તો પણ સાંજ સુધી અંદાજે ૧૫૦ જેટલા પ્રેરણાત્મક અને ભાવનાત્મક ચિત્રો બનાવવામાં આવ્યા હતા.

# કેવડાવાડીમાં વિદેશી દારૂની ૬૦ બોટલ સાથે નામચીન બુટલેગર ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વિદેશી દારૂનું વેંચાણ કરતા બુટલેગરોએ માથુ ઉંચક્યું હોય અને પૂરજોશમાં દારૂનો વેપલો ચલાવતા શખ્સો સામે કડક કાર્યવાહી કરવાની ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એમ.સરવૈયાની સુચનાથી કોન્સ્ટેબલ વિશાલભાઈ દવે સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે કેવડાવાડી શેરી નં.૨માં વિદેશી દારૂની ૬૦ બોટલ કિંમત રૂ.૩૦ હજાર ના મુમાલ સાથે નામચીન બુટલેગર ચંન્શ ઉર્ફે કાળીયો જગદીશ ચાઉ(રહે ન્યુ રાધેશ્યામ સોસાયટી, રોઠારીયા રીંગ રોડ)નામના



શખ્સને દબોચી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કોઠારીયા સોલવન્ટ પાસે નુરાનીપરામાં બેભાન થઈ જતા યુવાનનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ રોડ પર આવેલા કોઠારીયા સોલવન્ટ પાસે નુરાનીપરામાં રહેતા યુસુકભાઈ કરીનભાઈ સમા નામનો યુવાન ગઈકાલે સાંજે ૭.૩૦ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે અચાનક બેભાન થઈ જતા



સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ તેને જોઈ તપાસી મૃતક જાહેર કરતા પરિવારમાં માતમ છવાય ગયો હતો. બનાવ અંગેની જાણ આજીડેમ પોલીસને કરવામાં આવતા પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# જંકશન પોલીસ ચોકી નજીક પૂર્વ પ્રેમીએ યુવતીનું અપહરણ કરવાનો પ્રયાસ કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં જંકશન પોલીસ ચોકી નજીક સરાજાહેર હાથ પકડી કોલેજીયન યુવતીને તુ સગાઈ તોડી નાખજે નહીંતર તને અને તારા પરીવારને જાનથી મારી નાખીશ તેમ કહી પુર્વ પ્રેમીએ અપહરણનો પ્રયાસ કરી યુવતી સાથે અડપલા કરી તેના ફોટા અને વિડીયો વાયરલ કર્યાની ફરીયાદ કરતા પ્રનગર પોલીસે ગુનો નોંધી આરોપીને સકંજામાં લઈ વિશેષ કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ જામનગર રોડ પર એક વિસ્તારમાં રહેતી કોલેજીયન યુવતીએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે પરસાણા નગરમાં રહેતો આયુષ સુરેશભાઈ સોલંકીનુ નામ આપ્યુ હતુ ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તે એમ બી એનો અભ્યાસ કરતી હોવાનુ અને તેને અગાઉ આયુષ સાથે પ્રેમ સંબંધ હોય પરંતુ તેના પરીવારે તેની સાથે લગ્ન કરવાની ના પાડી હતી અને તેની અન્ય યુવક સાથે સગાઈ થઈ જતા આયુષ તેની પાછળ આવતો હોય અને તેનો હાથ પકડી બાઈકમાં બેસી જવાનુ કહી બેસી જવાનુ કહી અને કહેતો તુ સગાઈ નહી તોડી નાખે તો તને અને તારા પરીવારને જાનથી મારી નાખીશ તેમજ તેની મરજી વિરૂધ્ધ શરીરે અડપલા કરતો અને અગાઉના ફોટા વાયરલ કરવાની ધમકી આપતો હોય જેથી તે ડરી ગઈ હોય તેમજ વધુ ત્રાસ આપતા પરીવારન જાણ કરી હતી ત્યાર બાદ તેની સગાઈ થઈ હતી જેને આયુષે ફોટા મોકલી આપતા તેને સગાઈ તોડી નાખી હોવાનુ જણાવતા પીએસઆઈ પઢિયાર સહીતના સ્ટાફે ગુનો નોંધી આરોપીને સકંજામાં લઈ તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

# ટંકારાના સરાયા ગામે રાહદારીને કાર ચાલકે ઠોકરે ચડાવતા મોત

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારાના સરાયા ગામ નજીક ચાલીને જતા પ્રૌઢને કારના ચાલકે હડફેટે લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું જે મામલે ટંકારા પોલીસ ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ મળતી માહિતી મુજબ શર્મીલાબેન રમેશભાઈ વસુંનીયા એ ટંકારા પોલીસમાં ફરિયાદ નોંધાવી છેકે ગત તા. ૯ ના રોજ તેના પતિ રમેશભાઈ રોડ પર આવેલ દુકાનેથી તમાકુ લેતો આવું તેમ કહીને તેના પુત્ર નીતેશ સાથે ગયેલ હોય અને સરાયા ગામ બાજુ રોડની કિનારી પર ચાલીને જતા હોય દરમિયાન પાછળથી એક કારના ચાલકે આવીને રમેશભાઈને હડફેટે લેતા તેને ગંભીર ઈજા પોચતા ટંકારા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોય બાદમાં વધુ સારવાર માટે મોરબી ખસેડાયા હતા જ્યાં સારવાર દરમિયાન રમેશભાઈનું મૃત્યુ નીપજ્યું હતું તો તેના પુત્રએ વધુમાં જણાવ્યું હતું કે એક કાળા કલર જેવી ફોર વ્હીલ કારના ચાલકે અકસ્માત સર્જ્યો છે જે મામલે ટંકારા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગોંડલ, જુનાગઢ અને રાજકોટમાં ચોરી કરનાર તસ્કર ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ જિલ્લામાં મીલક્ત સંબંધી ગુનામાં નાસતા ફરતા આરોપીઓ ને શોધવા અંગેની સુચના ના પગલે રૂરલ એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાની રાહબરી હેઠળ પીએસઆઈ એચ.સી.ગોહિલ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે



ગોંડલ આશાપુરા ચોકડી પાસે મામાદેવના મંદિર સામે થી સંકાસ્પદ નિકળેલો વિક્રમ ધીરૂ બચ્ચુ ઉર્ફે મચ્છુ ચારોલીયા નામના શખ્સને સકંજામાં લઈ તપાસ કરતા આ શખ્સ ગોંડલ, જુનાગઢ, રાજકોટમાં ઘરફોડ ચોરીના ગુનામાં નાસતો ફરતો હોય પોલીસે તેની ધરપકડ કરી કબજો ગોંડલ પોલીસને સોંપવામાં આવ્યો છે.

# ઉપલેટાના રામગઢમાં ઘોડીપાસાની કલબ ઝડપાઈઃછ શખ્સોની ધરપકડ

## સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી રૂરલ એલસીબી ત્રાટકીંઃરૂ.એક લાખથી વધુનો મુદ્દામાલ કબજે

**મુખ્ય સમાચાર રાજકોટ**

ઉપલેટા પંથકમાં જુગારના હાટડા ધમધમી રહયા હોવાની ફરિયાદોના પગલે સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી રૂરલ એલસીબી ને ટીમે ઘોડીપાસાની જુગાર કલબ પર ત્રાટકી છ શખ્સોની ધરપકડ કરી રૂ.એક લાખથી વધુનો મુમાલ કબજે કર્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ રૂરલ એલસીબીના પીઆઈ વી.વી.ઓડેદરા ની સૂચનાથી પીએસઆઈ ડી.જી.બડવા, પીએસઆઈ એચ.સી.ગોહિલ સહિતનો સ્ટાફ ઉપલેટા પંથકમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે રામગઢ વિસ્તારમાં ચાલતી જુગાર ક્લબ પર દરોડો પાડતા જુગાર રમતો જીજ્ઞેશ જશવંત રાઠોડ, હર્ષદ પ્રતાપ વાળા, ઈબ્રાહીમ ઉર્ફે બલી, યુશુબ અમરેલીયા, રીઝવાન મહમદ ગરાણા, ઈમ્તીયાઝ ઉર્ફે બોદુ વલી બકાલી, ઈલીયાઝ રઝાક ડગલી સહિત છ શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂપિયા ૯૨૮૭૦ તથા પાંચ મોબાઈલ સહિત રૂ.એક લાખથી વધુનો મુમાલ કબજે કર્યો છે.

# ટંકારાના બંગાવડી ગામે પાડોશી શખ્સે વૃધ્ધ પર કર્યો હીચકારો હુમલો

**મુખ્ય સમાચાર, ટંકારા**

ટંકારાના બંગાવડી ગામે પડોશમાં રહેતા શખ્સોએ યુવતીના પિતાને અપશબ્દો આપીને હેરાન કરતા હતા. જેથી યુવતીએ અપશબ્દો આપવાની ના પાડતા ચારેય આરોપીઓએ ઉશ્કેરાઈ જઈને યુવતીના પિતાને બે ત્રણ ઝાપટ મારી લાકડાના ધોકા વડે મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બનાવ મામલે ટંકારા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ ટંકારા તાલુકાના બંગાવડી ગામના રહેવાસી ઉર્વીશાબા જાડેજા નામની યુવતીએ આરોપીઓ કુલદીપસિંહ જાડેજા, ગીતાબેન જાડેજા, રાજદીપસિંહ જાડેજા અને જયદીપસિંહ જાડેજાવાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, રાત્રિના ઉર્વીશાબા તેના પિતાજી અને માતા વર્ષાબા સહિતના લોકો ઘરે હતા ત્યારે, બાજુમાં રહેતા કુટુંબીભાઈ કુલદીપસિંહ યુવતીના પિતાને જેમફાવે તેમ અપશબ્દો બોલતા હતા. જેથી પિતાજીએ ઘર બહાર જઈને અપશબ્દો દેવાની ના પાડી હતી. જેથી કુલદીપસિંહ, તેની માતા ગીતાબેન, ભાઈ રાજદીપ અપશબ્દો આપવા લાગ્યા હતા.

આરોપીઓએ ફરિયાદીના પિતા સાથે બોલાચાલી કરી ઝઘડો કરી ઝપાઝપી કરવા લાગ્યા હતા. પિતાને રાજદીપસિંહ જાડેજાએ બે ત્રણ ઝાપટ મારી હતી. તેમજ જયદીપસિંહ ત્યારે ફોરવ્હીલ લઈને આવ્યો હતો. જેણે અપશબ્દો આપી લાકડાના ધોકા વડે યુવતીના પિતાને માર મારી હવે પછી જો મળશો તો બધાને જાનથી મારી નાખશું કહીને ધમકી આપી જતા રહ્યા હતા.આમ કુટુંબભાઈ કુલદીપસિંહ જાડેજા અવારનવાર ઘરેથી યુવતીના પિતાને અપશબ્દો દઈને હેરાન કરતો હતો. જેથી પિતાએ અપશબ્દો આપવાની ના પાડતા આરોપીઓએ ઝાપટ મારી તેમજ લાકડાના ધોકા વડે માર મારી ધમકી આપી હતી. ટંકારા પોલીસે ચારેય આરોપી વિરુદ્ધ ફરિયાદ નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.